| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૦૫/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૯૨૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૨૪/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૪,૦૫,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા આકિફ અકબરભાઇ ઉર્ફે અબુભાઇ શેખ ઉ.વ.૨૩ રહે, મ.નં.૧૮, રમણભાઇ ડાહ્યાભાઇની ચાલી નિર્મળપુરા ચાર રસ્તા પાસે, સરસપુર, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૭૫૨/૨૦૨૨ ઈપીકો ૩૫૪(એ), ૨૯૪(ખ), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(આર)(એસ), ૩(૧)(ડબ્લ્યુ)(૧)(૨) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૪૭૬/૨૦૨૨ તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૪/૦૫/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ ભરુચ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૯૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૭૩૬ લીટર દેશી દારૂ, ૮૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૯૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૯૩૨/૨૦૨૨**

**સાબરમતી:** કનુભાઈ વિરચંદભાઈ દંતાણી (રહે. હરેકૃષ્ણનગરની ચાલી ગાંધીવાસ વિભાગ-૨ ટોલનાકા સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૨૪/૦૫/૨૦૨૨ રાતના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના ઝુડા નંગ-૨ કિમત રૂપિયા ૫૦૦૦/-, મોબાઈલ નંગ-૨ કિમત રૂપિયા ૩૫૦૦/-, તેમજ બગસરાના દાગીના કિમત રૂપિયા ૩૦૦/- અને રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામમોહન ધરમસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગર:** અમિતકુમાર મોહનભાઈ પટેલ (રહે. સાયોના હાર્મની બંગ્લોઝ શ્રી રામ બંગ્લોઝ સામે ભવાની ચોક નવા નરોડા) એ તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૨૧/૦૫/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના પાર્કીંગમાં આવેલ સ્ટોરરૂમનું તાળું તોડી મુખ્ય રૂમની બારીનો સળીયો કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, કાર્લોસ કંપનીની કાંડા ઘડીયાલ અને બે મર્સિડીઝ કારની સેન્સર વાળી ચાવીઓ મળી કુલ કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયો:-** **સમાચાર યાદી નં.૯૩૩/૨૦૨૨**

**ચાંદખેડા:** રતનબહેન ઇન્દ્રવદન આંબેડકર (ઉ.વ.૬૮) (રહે. ભગીરથ ટેનામેન્ટ દેવસ ફ્લેટ સામે કોટેશ્વર રોડ મોટેરા) તા.૨૩/૦૫/૨૦૨૨ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા દેવસૃષ્ટી બંગ્લોઝ વિભાગ-૧ કેના બંગ્લોઝ આગળથી રતનબહેન તેમના પતિ સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ રતનબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રતનબહેન આંબેડકર એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૩૪/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સૌમિલ હિતેશભાઈ ઠાકર (ઉ.વ.૨૫) (રહે. શંભુ ચકાની ખડકી ઢાળની પોળ આસ્ટોડીયા) એ બિમારીથી કંટાળી તા.૨૪/૦૫/૨૦૨૨ કલાક ૨/૧૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે જમાલપુર ફુલબજાર સીડી નંબર-૨૯ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.